દિવ્ય ભાસ્કર | 24-Feb-2020
વાપી ભાસ્કર Page 2

દિવ્ય ભાસ્કર
વલસાડ .

# જિલ્લાના ખેડૂતોને 5 દિ'ના હવામાનની આગાહી મોબાઈલ ઉપર મળી રહેશે

## મેઘદૂત એપ્લિકેશન ઉપર સપ્તાહમાં બે વાર હવામાન અપડેટ કરાશે

ભાસ્કર ન્યૂઝ | વાપી

બદલાતા વાતાવરણની પરિસ્થિતિમાં સફળ ખેતીએ પડકારરૂપ છે. વિપરીત હવામાન પરિસ્થિતિમાં ઓછા નુકશાને વધુ પાક ઉત્પાદન મેળવવા માટે હવામાનની આગાહીની જાણકારી હોવી ખુબ જ જરૂરી છે.

ચાલુ વર્ષે દિવાળીમાં કમોસમી વરસાદના પગલે જિલ્લાના મોટા ભાગના ખેડૂતોને ડાંગરના પાકમાં સૌથી મોટું નુકશાન થયું હતું. હવામાની જાણકારીના અભાવે ખેડૂતોએ મોટું નુકશાની સહન કરવાની નોબત આવતી હોય છે. આવા સંજોગમાં ખેડૂતોને અગાઉથી જ હવામાન વિશે જાણકારી મળી રહે જેથી તેઓ તેમના પાક અને પશુઓનું રક્ષણ કરી શકે એવા પ્રયાસ કરવામાં



આવી રહ્યા છે. ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ અને નવી દિલ્હી સ્થિત ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ દ્વારા ખેડૂતોને હવામાનની આગાહી અને હવામાન આધારિત સલાહકારી સેવાનો લાભ મળી શકે તે માટે દરેક જીલ્લામાં DAMU પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. વલસાડ જીલ્લામાં DAMU પ્રોજેક્ટ અંતર્ગત વલસાડ જિલ્લાની અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે કૃષિ હવામાન શાસ્ત્રના વિષય નિષ્ણાંત પુજા બી. રાતીયા અને એગ્રોમેટ ઓબ્ઝર્વર અદિતિ એચ. સોલંકી દ્વારા ખેડૂતોમાં હવામાનની આગાહી તેમજ કૃષિ હવામાન સલાહકારી સેવાના જાગૃતતાના કાર્યક્રમો જીલ્લાના જુદા જુદા ગામડાંઓમાં કરવામાં આવી રહ્યા છે. અઠવાડિયામાં બે વાર (મંગળવાર અને શુક્રવાર) જે તે તાલુકામાં આવનારા પાંચ દિવસોમાં હવામાનની પરિસ્થિતિ કેવી રહેશે તેની માહિતી સાથે કૃષિ હવામાન સલાહકારી સેવા આપવામાં આવે છે.ટૂંક સમયમાં વલસાડ જીલ્લાના ખેડૂતોને મોબાઈલ પર એસએમએસ દ્વારા હવામાનની આગાહીની જાણકારી આપવામાં આવશે. જેથી ખેડૂતો આ માહિતીનો ઉપયોગ કરી બદલાતા વાતાવરણની પરિસ્થિતિમાં વધુને વધુ ઉત્પાદન મેળવી શકે. ખેડૂતોને કૃષિ કામગીરી અને તેમના પાક તથા પશુધનની સંભાળ કેવી રીતે લેવી તે અંગેની સલાહ મેઘદુત એપ્લીકેશનમાં દર મંગળવાર અને શુક્રવાર અઠવાડિયામાં બે વાર મુકાશે. આ મેઘદૂત એપ્લીકેશનને તમારા મોબાઈલનાં ગુગલ પ્લેસ્ટોર પરથી ડાઉનલોડ કરી ઈન્સ્ટોલ કરી શકાશે.

Scanned with CamScanner